ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

( NAAC Accredited B ++ )
www.gujaratuniversity.org.in

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010 NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

નં. પરીક્ષા/૪-અ/૨૭૪૩૯/૨૦૧૩ તા.૧૦-૦૫-૨૦૧૩

પરિપત્ર નં. ૧૫૩

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓ,
(૨) યુનિવર્સિટી પ્રસ્થાપિત અનુસ્નાતક ભવનોના/અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓ

**વિષય : સેમેસ્ટર-૧ થી ૪ના વિદ્યાર્થીઓના આંતરિક ગુણ જમા કરાવવા બાબતે.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, એપ્રિલ-મે દરમિયાન લેવાયેલ સ્નાતક-અનુસ્નાતક સેમેસ્ટર-૧થી ૪ (રેગ્યુલર અને રીપિટર)નાં વિદ્યાર્થીઓનાં આંતરિક ગુણ યુનિવર્સિટી ખાતે online submission કરાવવા અંગે વિદ્યાર્થીઓનાં બેઠક નંબર સાથેની માહિતી આપને યુનિવર્સિટી દ્વારા ફાળવેલ ઇમેઈલ પર મોકલી આપવામાં આવેલ છે.

આપની કૉલેજમાં ચાલતા બી.એ., બી.કૉમ., બી.એસસી., એમ.એ., એમ.કૉમ., એમ.એસસી. અભ્યાસક્રમનાં સેમેસ્ટર ૧થી ૪નાં તમામ વિદ્યાર્થીઓની માહિતી એકસાથે એક ફાઈલમાં તૈયાર કરી તેની ખરાઈ કરાવીને યુનિવર્સિટીને imes_sem.mdb fileને zip કરીને email સાથે બિડાણ કરી exam_dept@gujaratuniversity.ac.in પર નિયત સમયમર્યાદામાં મોકલી આપવા વિનંતી છે.

દરેક સેમેસ્ટરની આંતરિક ગુણની એક હાર્ડ કોપી પણ મોકલવાની રહેશે. આંતરિક ગુણ યુનિવર્સિટીને મોકલ્યા બાદ પાછળથી કોઈપણ સુધારો કરવામાં આવશે નહીં. જેથી ખૂબજ કાળજી અને ચોકસાઈપૂર્વક આંતરિક ગુણ દાખલ થાય તે જોવા વિનંતી છે.

તમામ સેમેસ્ટરના વિદ્યાર્થીઓનાં આંતરિક ગુણ online તથા હાર્ડ કોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની છેલ્લી તા. ૨૦-૫-૨૦૧૩ નિયત કરવામાં આવેલ છે. સમયસર આંતરિક ગુણ મળવાના અભાવે જે તે પરીક્ષાનું પરિણામ તે કૉલેજના વિદ્યાર્થીઓનું પરિણામ અનામત રાખી જાહેર કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આંતરિક ગુણ online submission થાય છે પરંતુ આ માહિતી કેટલાય ટેકનિકલ કારણોસર પહોંચતી નથી અથવા શોર્ટ કટ હોય છે અથવા નિયત ફોર્મેટમાં હોતી નથી અથવા ફાઈલ ખુલતી હોતી નથી જેના કારણે પરિણામ જાહેર કરવામાં અસહ્ય વિલંબ થાય છે. જેથી આપને વિનંતી કરવામાં આવે છે કે આપના તરફથી online submission કર્યા બાદ યુનિવર્સિટી ખાતે ફોન નં. ૬૫૨૨૪૨૨૯ પર જરૂરી ડેટા અને ફોર્મેટમાં માહિતી મળેલ છે કે કેમ ? તે બાબતની ખરાઈ અવશ્ય કરી લેવી.

કા. પરીક્ષા નિયામક

D:\MIX\Paripatra.pmd